# ત્રીજો મોરચો રચવા ૧૪ પક્ષોની કવાયત

નવી દિલ્હી,તા.૧

લોકસભાની ચૂંટણીમાં પોતપોતાની રીતે સફળતા મેળવવા રાજકીય પક્ષો સંપૂર્ણપણે તૈયારીમાં વ્યસ્ત બનેલા છે. નવા સાથી પક્ષો અને નવા ગઠબંધનને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની ચૂંટણી બાદ નિતીશકુમારના ત્રીજા મોરચાની શક્યતા પણ દેખાઈ રહી છે. એકતા દર્શાવવાના હેતુસર ૧૪ પ્રાદેશિક પક્ષો એક સાથે મેદાનમાં આવી શકે છે. બિનકોંગ્રેસી અને બિન ભાજપ પક્ષોને એક મંચ ઉપર લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સામાન્ય ચૂંટણી પહેલાં એકતા દર્શાવવા નવી દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજવાની હિલચાલ પણ ચાલી રહી છે. જેડીએસના વડા અને ભૂતપૂર્વ વડાપ્રધાન દેવગૌડાએ કહ્યું છે કે તેઓ નિતીશકુમાર, નવીન ભટનાયક, અખિલેશ યાદવના સતત સંપર્કમાં છે. અન્ના દ્રમુકના નેતા, સપાના નેતા, બીજી જનતાદળ, જનતાદળ યુનાઈટેડ, ડાબેરી પક્ષોને એક મંચ ઉપર લાવવાના પ્રયાસ થઈ શકે છે. બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નિતીશકુમાર હાલમાં જ આવા મોરચાની શક્યતાનો સંકેત આપી ચૂક્યા છે. નિતીશકુમાર એમ પણ કહી ચૂક્યા છે કે તેઓ રાષ્ટ્રીય વિકલ્પની દિશામાં આગળ વધી ચૂક્યા છે.

સીપીએમના જનરલ સેક્રેટરી પ્રકાશ કારત ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાકને ગુરુવારે મળ્યા હતા. આ બેઠક ગુરુવારના દિવસે ભુવનેશ્વરમાં યોજાઈ હતી. પ્રકાશ કારત હવે આગામી સપ્તાહમાં અન્ના દ્રમુકના વડા જયલલિતાને પણ મળનાર છે જેમાં તમિલનાડુમાં ગઠબંધનના મુદ્દા ઉપર વાતચીત થશે. યુપીએ અને એનડીએ સિવાયના અન્ય એક મોટા ગઠબંધનની વાત પણ ચાલી રહી છે. આવનાર દિવસોમાં નવા મોરચાની રચનાને લઈને વાતચી વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. બિન કોંગ્રેસ અને બિન ભાજપ પક્ષોને એક મંચ ઉપર લાવવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. નિતીશ કુમારે હાલમાં જ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી, જેડીએસને સાથે લાવીને એક અલગ મોરચો બનાવવામાં આવશે. સંસદીય સત્ર અથવા તો પ્રથમ દિવસે એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજવાનું આયોજન પણ થઈ રહ્યું છે. નવી વ્યૂહરચનાને લઈને યુપીએ અને એનડીઅનેના નેતાઓ પણ સાવધાન થઈ રહ્યા છે.



**મુખ્યમંત્રી બનતા પહેલા કાર્યકરને તમાચો માર્યો**

## કોંગ્રેસના વરિષ્ઠનેતા અને કેન્દ્રિય જળસંસાધન પ્રધાન હરિશ રાવત ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી

નવી દિલ્હી,તા. ૧

કોંગ્રેસના વરિષ્ઠનેતા અને કેન્દ્રિય જળસંસાધન પ્રધાન હરિશ રાવત ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી બનશે. દહેરાદૂનમાં આજે સાંજે યોજાયેલી વિધાનસભા પક્ષની બેઠક બાદ કોંગ્રેસના મહાસચિવ જનાર્દરન દ્વિવેદી દ્વારા તેમના નામની વિધિવતરીતે જાહેરાત કરવામાં આવી હતી. વિધાનસભા પક્ષની બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્યોએ તેમને પોતાના નેતા તરીકે ચૂંટી કાઢીને પ્રદેશના નવા વડા તરીકે તેમના નામ પર મંજુરીની મહોર મારી હતી. હરિશ રાવત ઉત્તરાખંડના આઠમા મુખ્યમંત્રી બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે વિજય બહુગુણાએ મુખ્યમંત્રી પદથી રાજીનામુ આપી દીધુ હતુ. તેમના રાજીનામા બાદથી રાવતને સૌથી પ્રબળ દાવેદાર તરીકે ગણવામાં આવી રહ્યા હતા. દરમિયાન મુખ્યમંત્રી બનતા પહેલા જ હરિશ રાવતે આજે એક વિવાદાસ્પદ વર્તન કર્યુ હતુ. આજે બપોરે દહેરાદૂનમાં તેઓ પ્રવેશ્યા હતા. નવા મુખ્યમંત્રી તરીકે તેમનાનામની જાહેરાત કરવામાં આવે તે પહેલા દહેરાદૂન પહોંચ્યા બાદ હરિશ રાવતના નારા લગાવી રહેલા એક કોંગ્રેસી કાર્યકરને



હરિશ રાવતે તમાચો માર્યો હતો. આ કાર્યકરને સતપાલ મહારાજની છાવણીના હોવાનું જણાવવામાં આવ્યુ છે. હરિષ રાવત શનિવારે સવારે ટ્રેનથી દહેરાદૂન પહોંચ્યા હતા. દહેરાદૂન પહોચ્યા બાદ રેલવે સ્ટેશન પર સમર્થકોએ તેમનું શાનદાર સ્વાગત કર્યુ હતુ. તેમના સમર્થકો ઉમટી પડ્યા હતા. કોંગ્રેસની ઓફિસમાં રાવતના નામના એલાનને લઈને બેઠક દરમિયાન સતપાલ મહારાજના સમર્થકો પણ પહોંચ્યા હતા. બેઠકમાંથી બહાર નિકળતીવેળા રાવતને નારાબાજી કરી રહેલા સતપાલના સમર્થકોએ ઘેરી લીધા હતા. મળેલી માહિતી મુજબ એક સમર્થક તેમની બિલકુલ નજીક પહોંચી ગયો હતો જેના લીધે રાવત લાલઘૂમ થઈ ગયા હતા અને એક તમાચો મારી દીધો હતો. રાવતના આ વર્તાનને કેમેરામાં કેદ કરી લેવાતા મુખ્યમંત્રી બનતા પહેલા જ તેઓ વિવાદમાં આવી ગયા છે. રાવતના નજીકના વિશ્વાસુ લોકોમાં હાલ ખુશી જોવા મળી રહી છે. રાવતના લોકસભા મતવિસ્તાર હરિદ્વારમાં પણ ખુશીનું મોજુ છે.

## દેવયાનીને કોઈ પણ મુક્તિ મળેલી જ નથી : અમેરિકા

ન્યૂયોર્ક, તા. ૧

અમેરિકી વિદેશ મંત્રાલયે એક કોર્ટમાં રજુ કરવામાં આવેલા દસ્તાવેજોમાં સાફ શબ્દોમાં જણાવ્યુ છે કે વિઝા છેતરપિંડી અને ખોટા નિવેદનો આપવાના મામલામાં ભારતીય રાજદ્વારી દેવયાનીને અપરાધિક કેસમાંથી રાહતની કોઈ જોગવાઈ નથી. દેવયાનીને કોઈ પણ પ્રકારની મુક્તિ મળેલી નથી. ૨૯મી જાન્યુઆરીના દિવસે આ જાહેરાત કરવામાં આવી હતી. કોર્ટમાં ગઈકાલે ભારતીય મૂળના પ્રીત ભરાડા દ્વારા રજુઆત કરવામાં આવી હતી. આ જાહેરાતમાં વિદેશ મંત્રાલયના કાયદાકીય સલાહકારની કચેરીના એટર્ની સલાહકાર સ્ટીફન કેરના હસ્તાક્ષર છે. ભરાડાએ આ જાહેરાત પોતાના એવા મેમોરેન્ડમના સમર્થનમાં સોંપી છે. અત્રે ઉલ્લેકનીય છે કે દેવયાની ખોબરાગડેના મામલે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ તંગ બન્યા હતા. અમેરિકી સત્તાવાળો સમક્ષ ખોટુ બોલવાના આરોપસર ૧૨મી ડિસેમ્બરના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમના



હાઉસકિપરને કેટલા રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે તે અંગે અમેરિકી સત્તાવાળાઓ સમક્ષ દેવયાનીએ ખોટી માહિતી આપી હતી. દેવયાનીની મેનહટનની ફેડરલ કોર્ટ હાઉસમાં અટકાયત કરીને તેમને રજુ કરવામાં આવ્યા હતા. તેમના વસ્ત્રો ઉતારીને ચકાસણી કરવાને લઈને પણ ભારે હોબાળો મચી ગયો હતો. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો હજુ પણ દેવયાનીને લઈને તંગ બનેલા છે. ખોબરાગડે હાલમાં કોઈ પણ રાજદ્વારી દરજ્જો ધરાવતા નથી. તેમની ધરપકડના વખતે તેમનો હોદ્દો કોન્શ્યુલર ઓફિસર તરીકેનો હતો. સત્તાવાર કૃત્યો માટે પ્રોસિક્યુશનથી તેમને મુક્તિ આપવામાં આવેલી હતી. ભારત દ્વારા જોરદાર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ૧૪મી જાન્યુઆરીના દિવસે ખોબરાગડે ભારત પર ફર્યા હતા. કોર્ટ પેપરમાં ખોબરાગડેના એટર્ની ડેનિયલે કહ્યુ છે કે અમેરિકી વિદેશ વિભાગ દ્વારા તેમને આપવામાં આવેલી રાજદ્વારી મુક્તિ અમેરિકી ખટલાથી પણસંપૂર્ણપણે મુક્તિ આપે છે. અગાઉ શંકાસ્પદ કૃત્ય કરવામાં આવે તો પણ પ્રોસિક્યુશનથી તેમને મુક્તિ મળે છે.

## અરૂણાચલના વિદ્યાર્થીના મોત મામલે દિલ્હીમાં દેખાવો કરાયા

નવી દિલ્હી,તા. ૧

દિલ્હીના લાજપત નગરમાં અરૂણાચલ પ્રદેશના કોંગ્રેસી ધારાસભ્યના પુત્રના મોતના મામલામાં હવે વિવાદ વધુ ઘેરો બની ગયો છે. આજે અરૂણાચલ પ્રદેશ સહિત ઉત્તર પૂર્વના તમામ લોકોએ દિલ્હીના માર્ગો પર ઉતરી આવીને જોરદાર પ્રદર્શન કરતા તંગદિલી ફેલાઈ ગઈ હતી. પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી.




અ ા દેખાવકારોએ આરોપીઓની સામે કઠોર કાર્યવાહી કરવાની જોરદાર માંગણી કરી હતી. આ ઘટના બાદ અરૂણાચલ પ્રદેશ સહિત સમગ્ર ઉત્તરપૂર્વના વિદ્યાર્થીઓના મનમાં દહેશત ફેલાઈ ગઈ છે. તેમનું કહેવું છે કે જો આજે અમે શાંત રહીશું તો અમારી સાથે પણ આ પ્રકારની ઘટનાઓ બની શકે છે. બીજી બાજુ ભોગ બનેલો વિદ્યાર્થી અરૂણાચલ પ્રદેશના કોંગ્રેસી ધારાસભ્યનો પુત્ર હોવાથી આ ઘટનાને લઈને રાજકીય રંગ પણ લઈ લીધો છે. પૂર્વોત્તરના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ આજે ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેને મળ્યુ હતુ અને આ ઘટના અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આરોપીઓની સામે કઠોર કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી હતી. બીજી બાજુ દિલ્હી સરકારે સમગ્ર મામલાની જ્યુડિશિયલ તપાસનો આદેશ આપી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અરૂણાચલના વિદ્યાર્થી નિડોતાનિયામની સાઉથ દિલ્હીના લાજપતનગરમાં દુકાનદારો સાથે બોલાચાલી થઈ હતી. પરિવારના શભ્યોનો આક્ષેપ છે કે દુકાનદારોએ તાનિયામની હેરસ્ટાઈલને લઈને વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આનો વિરોધ કરવામાં આવતા તાનિયામની ધોલાઈ કરી હતી. મોડેથી તાનિયામનું મોત થયુ હતુ.

ગઈકાલે બનેલી આ ઘટનાનો લઈનો ભારે સનસનાટી મચી ગઈ હતી. પોલીસ પણ બાનાવની જગ્યાએ પહોંચી હતી અને થોડાક સમય માટે તાનિયામનો ત્યાંથી લઈ ગઈ હતી પરંતુ થોડીકવાર પછી પરત મૂકી ગયા બાદ ઉશ્કેરાયેલા લોકોએ તેને ફરી માર માર્યો હતો. ઈજાના કારણે તેનું મોત થયુ હતુ. આ મામલો આગામી દિવસોમાં પણ વિવાદ જગાવે તેવી શક્યતા છે. આજે જોરદાર વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા વ્યવસ્થા પણ વધારવામાં આવી હતી.

## દેશની સૌથી મોટી મહાકાય વીમા કંપની એલઆઈસી ઉપર ૭૦૦૦ કરોડનું દેણું છે

નવી દિલ્હી,તા. ૧

દેશની સૌથી મોટી મહાકાય વીમા કંપની એલઆઈસી ઈન્કમટેક્સના સૌથી મોટા દેવાદાર તરીકે છે. એલઆઈસીએ ઈન્કમટેક્સની ૭૦૦૦ કરોડ રૂપિયાની રકમ ચૂકવી નથી. આરટીઆઈ માધ્યમથી આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો છે. આરટીઆઈ કાર્યકર સુભાષચંદ્ર અગ્રવાલ દ્વારા ઈન્કમટેક્સ વિભાગથી સૌથી મોટા દેવાદાર કંપની અને વ્યક્તિની યાદી જારી કરવા માટેની માહિતી માંગી હતી. ૨૭મી જાન્યુઆરીના દિવસે ઈન્કમટેક્સ તરફથી આપવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યુ છે કે ૨૦૧૦ સુધી એલઆઈસી પર ૭૦૦૦ કરોડનો ટેક્સ બાકી હતો. આ યાદીમાં એલઆઈસી ઉપરાંત દેશની અનેક મોટી બેંક અને જાહેર ક્ષેત્રની કંપનીઓ છે. આદિત્ય બિડલા, વોડાફોન, આઈડિયા સેલ્યુલર પણ મોટા દેવાદારોની યાદીમાં છે. આ તમામ પર આશરે બે-બે હજાર કરોડી રકમ બાકી છે. ટેક્સ ડિફોલ્ટરોની યાદી જારી કરવામાં આવ્યા બાદ ઘણા લોકોમાં ભારે સસ્પેન્સની સ્થિતિ રહી છે. લાઈફ ઈન્શ્યોરન્સ ઓફ ઈન્ડિયાને દેશની મોટી કંપની તરીકે ગણવામાં આવે છે અને તેમાં મોટી સંખ્યામાં ગ્રાહકો સંપૂર્ણપણે વિશ્વાસ ધરાવે છે. આવી સ્થિતિમાં ઈન્કમટેક્સની જંગી રકમ બાકી હોવાની બાબતને લઈને તર્ક વિતર્કનો દોર શરૂ થયો છે.

# રિટેલમાં એફડીઆઈ ઉપર હવે રાજસ્થાનમાં પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૧

ભારતમાં મૂડીરોકાણ કરવા ઈચ્છુક વિદેશી સુપર માર્કેટ ચેન માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે રિટેલ માર્કેટમાં એફડીઆઈ ઉપર પ્રતિબંધ મૂકવાના મામલામાં દિલ્હી બાદ હવે રાજસ્થાન પણ જોડાઈ ગયું છે. મલ્ટીબ્રાન્ડ રિટેલ કારોબારમાં વિદેશી સીધા મૂડીરોકાણને મંજૂરી આપવાના અગાઉના નિર્ણયથી પીછે હટ કરીને હવે દિલ્હી બાદ રાજસ્થાન પણ આમા સામેલ થયું છે.જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આ હિલચાલથી રોકાણકારોની ભાવનાઓને ફટકો પડશે. પોલીસીમાં સ્થિરતા દેખાઈ રહી નથી. વિદેશી રિટેલરો પણ અનિશ્ચિત મૂડમાં દેખાઈ રહ્યા છે. કારણ કે ભારતમાં રાજકીય પાર્ટીઓ પોતપોતાની રીતે આગળ વધી રહી છે. વિદેશી મૂડીરોકાણના મામલામાં સંમતિ દેખાઈ રહી નથી. હજુ સુધી ટાટા ગ્રૂપના ટ્રેન્ટ સાથે સમજૂતી ધરાવનાર ટિસ્કોને જ મલ્ટી બ્રાન્ડ રિટેલ માટે જ સરકારને મંજૂરી મળી છે. વોલમાર્ટ અને કેરફોર જેવી મહાકાય કંપનીઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહી છે. ટિસ્કો મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓપરેશન શરૂ કરવાની ઈચ્છા ધરાવે છે.

હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણી બાદ રાજસ્થાનમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને જીત મેળવી હતી. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજૂરી નહીં આપવાનો ભાજપ સરકારે નિર્ણય કર્યો છે. આ અંગેના નિર્ણયની જાણ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયને આપી દેવામાં આવી છે. કમીશનર તરીકે સ્ટેટ બ્યુરો ઓફ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશનના ઈન્ચાર્જ રહેલા અને રિક્કોના મેનેજિંગ ડિરેક્ટર વેણુગુપ્તાએ કહ્યું છે કે મંત્રાલયને ૨૫મી જાન્યુઆરીના દિવસે એક પત્ર મોકલી દેવામાં આવ્યો હતો. ભાજપે મલ્ટીબ્રાન્ડમાં એફડીઆઈને મંજૂરી આપવાની વિરુદ્ધમાં નિર્ણય કર્યો છે જેમાં ગુજરાત અને મધ્ય પ્રદેશ પણ સામેલ છે. ઘણા રાજ્યો એફડીઆઈને લઈને હળવું વલણ પણ અપનાવી રહ્યા છે.


## સમાચાર ઝલક

- *દિલ્હીમાં દૂધ અને વીજળી મોંઘા બન્યા.*
- *ભારતની પ્રથમ મોનો ટ્રેન આજથી મુંબઈમાં (૯ કિ.મી) શરૂ થઈ.*
- *પોંડીચેરીમાં બોંબ પ્રકરણને કારણે પોંડીચેરી બંધનું એલાન.*
- *જામનગરમાં લકઝરી બસોના કાચ તોડ ટોળકીએ અનેક લકઝરી બસોના કાચ તોડયા.*
- *રાજયમાં ૧૧૭ પોલીસ સબ ઈન્સ્પેકટરને બઢતી અપાઈ.*
- *દિલ્હીમાં અરૂણાચલના વિદ્યાર્થીના મોતથી દિલ્હી અને ઈટાવામાં વિદ્યાર્થીઓના દેખાવો : કેન્ડલ માર્ચ યોજાઈ.*
- *યોગગુરૂ બાબા રામદેવે જણાવ્યું કે શ્રી રાહુલ ગાંધી નિર્દોષ છે.*
- *સુરતના ઉદ્યોગપતિને રૂ.૨ કરોડની ખંડણી માટે ધમકી મળી.*
- *વિશ્વમાં સૌથી સુંદર દેખાવમાં ઐશ્વર્યા બચ્ચન.*
- *શ્રી નીતિન ગડકરીએ ગમે તેવા આક્ષેપો બદલ શ્રી અરવિંદ કેજરીવાલને નોટિસ આપી. બદનક્ષીનો કેસ કરવાની તૈયારી.*
- *આસામમાં ૬ ઉગ્રવાદીઓની ધરપકડ, સુરક્ષા બંદોબસ્ત કડક બનાવાયો.*
- *ઈરાકમાં અથડામણમાં જાન્યુઆરી માસમાં ૧૦૦૦નાં મોત થયા.*
- *પાકિસ્તાન સૈન્યએ ખૈબરઘાટમાંથી ૫૦ આતંકવાદીઓ પકડયા.*
- *દક્ષિણ સુદાનના યુદ્ધમાં ભારતીય ડોકટરોએ સેંકડો લોકોને સારવાર આપીને બચાવતા વિશ્વભરમાં પ્રશંસનીય બન્યા.*
- *કેન્દ્રીય કર્મચારીઓના ૬ઠ્ઠા પગારપંચનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકા સરભર કરવાની તૈયારીઓ.*
- *મીનીમમ સેવિંગ્સ ખાતામાં ન રાખનારને બેંકોએ પેનલ્ટી નહિ કરવા રીઝર્વ બેંકનો આદેશ.*
- *કચ્છમાં લઘુત્તમ તાપમાન ગત રાત્રિએ ઓછું નોંધાયું જયારે દક્ષિણ ગુજરાતમાં વધારો થયો.*

## *મનમોહનસિંહ માર્ચમાં મ્યાનમાર જવા ઇચ્છુક : પીએમ તરીકે છેલ્લી યાત્રા*

નવી દિલ્હી,તા.૧

વડાપ્રધાન મનમોહનસિંહ મ્યાનમારના પ્રવાસે રવાના થઈ રહ્યા છે. વડાપ્રધાન તરીકે મનમોહનસિંહની આ અંતિમ યાત્રા હોઈ શકે છે. મનમોહનસિંહ માર્ચના



પ્રથામ સપ્તાહમાં એક શિખર બોઠકમાં હાજરી આપાવા મ્યાનમાર જવાના છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે વડાપ્રધાનની આ અંતિમ યાત્રા રહેશે. મનમોહનસિંહ પહેલાથી જ ત્રીજી અવધી માટે વડાપ્રધાન પદના ઉમેદવાર રહેવાનો ઈન્કાર કરી ચૂક્યા છે. મનમોહનસિંહ બીજી માર્ચના દિવસે મ્યાનમાર પહોંચશે. મ્યાનમાર સાથે દ્વિપક્ષીય વાતચીત તેઓ કરશે. આ ગાળા દરમિયાન સરહદી સુરક્ષા સમજૂતી ઉપર હસ્તાક્ષર કરવામાં આવી શકે છે.

## વિજકાપના મુદ્દે ડિસ્કોમની કેજરીવાલ દ્વારા ઝાટકણી

નવી દિલ્હી,તા. ૧

ફંડના અભાવની અરજી પર વિજળી કાપની જાહેરાત કરવા બદલ વિજળી વિતરણ કંપનીઓની ટિકા કરતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યુ હતુ કે તેમની નાણાંકીય સ્થિતિ અંગેની વાસ્તવિકતા



ડિસ્કોમ અંગે કેગના અહેવાલથી જાહેર થઈ જશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વિજળી કંપનીઓનું કહેવું છે કે તેમની પાસે નાણાં નથી જેથી તેઓ મુશ્કેલીમાં છે. કેજરીવાલે કહ્યુ હતુ કે તેમના નાણાં ક્યાં ગયા છે તે અંગે વાત પણ કરવી જોઈએ. કેગ દ્વારા તેમના નાણાં શોધવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેગના અહેવાલ બાદ તેમની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ડિસ્કોમ સામે શનિવારથી અમલી બને તે રીતે આઠ-૧૦ કલાકના વિજળી કાપની જાહેરાત કરવા બદલ પગલા લેવાશે કે કેમ તે અંગે પુછવામાં આવતા કેજરીવાલે કહ્યુ હતુ કે કેગનો અહેવાલ બાદ તેમની સામે જરૂરી પગલા લેવામાં આવશે. બીજી બાજુ કેજરીવાલ સામે હવે ઓટોવાળા ભારે નારાજ થયેલા છે. તેઓ કેજરીવાલ સરકારથી નાખુશ થઈને ધરણાના મૂડમાં દેખાઈ રહ્યા છે. દિલ્હીના પરિવહન પ્રધાન સૌરભ ભારદ્વાજે કહ્યુ છેકે દિલ્હી સરકાર હાલ ઓટોના ભાડામાં વધારો નહીં કરે. તેમનું કહેવું છે કે વારંવાર ભાડા વધારવાની બાબત સમસ્યાનો ઉકેલ નથી. બીજી બાજુ ઓટો ચાલકોન ખૂબ નારાજગી દેખાઈ રહી છે. તેમનું કહેવું છે કે સરકાર પોતાના વચનો પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે. એક મહિના બાદ પણ ઓટો ચાલકોને કોઈ રાહત મળી રહી નથી.

## નરેન્દ્ર મોદી વિઝા માટે અરજી કરવા સંપૂર્ણ સ્વતંત્ર : અમેરિકા

વોશિંગ્ટન,તા. ૧

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અનો ગુજરાતના મુખ્યમત્રી નરેન્દ્ર મોદીનો અમેરિકી વિઝાને લઈને હંમેશા હોબાળો રહ્યો છે. હવે અમેરિકાએ ફરી સ્પષ્ટતા કરતા કહ્યુ છે કે અમેરિકન વિઝાના સંદર્ભમાં અરજી કરવા માટે મોદી સ્વતંત્ર છે. આ અંગેના નિર્ણય સમગ્ર પ્રક્રિયાના આધારે લેવામાં આવશે. એક વરિષ્ઠ અમેરિકી



અધિકારીએ આજે આ મુજબની વાત કરી હતી. ૨૦૦૫માં વિદેશ વિભાગે નરેન્દ્ર મોદીને વિઝાને લઈને વાંધો ઉઠાવ્યો હતો.

ગુજરાતમાં ૨૦૦૨માં કોમી હિંસાના અનુસંધાનમાં અમેરિકામાં પ્રવાસ કરવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. મોદીને અમેરિકી વિઝાને લઈને વારંવાર ટોચના સ્તર પર જોરદાર લોબી ચલાવવામાં આવી છે. અમેરિકી વિદેશ વિભાગના નાયબ પ્રવક્તા મેરી હર્ફનું કહેવું છે કે અમે પહેલાથી જ કહી ચુક્યા છીએ કે નરેન્દ્ર મોદી વિઝા માટે અરજી કરવા સ્વતાંત્ર છે. અમેરિકામાં રહેલી સ્થિતિ અને પ્રક્રિયાના આધાર પર આ અંગે નિર્ણય લેવામાં આવશે. ૨૦૦૫માં વિદેશ વિભાગે આની સામે વાંધો ઉઠાવ્યો હતો.

અમેરિકાએ વારંવાર કર્યુ છે કે મોદીના સંદર્ભમાં તેની લાંબા ગાળાની વિઝા પોલીસીમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં પરંતુ વિઝા માટે અરજી કરવા તેઓ સ્વતંત્ર છે. કોઈ પણ અન્ય અરજીદારની જેમ તેની સમીક્ષા કરવામાં આવશે. ૧૯૮૪માં રમખાણો અંગે તાજેતરની મુલાકાતમાં કોંગ્રેસના નાયબ પ્રમુખ રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવલી ટિપ્પણીના સંદર્ભમાં પૂછવામાં આવતા હર્ફે કહ્યુ હતુ કે તેઓ કોઈ પણ પ્રકારની ટિપ્પણી કરવા મંગતા નથી. જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓ પણ મોદીનો અમેરિકી વિઝાનો લઈનો આકરી પ્રતિક્રિયા આપતા રહ્યા છે.

વિઝાના મામલે ઘણા દેશોએ મોદી પ્રત્યે તેની નીતિમાં ફેરફાર કર્યા છે જેમાં બ્રિટનનો સમાવેશ થાય છે. બ્રિટનના લોકો અને બ્રિટિશ સરકાર નરેન્દ્ર મોદીની કામગીરીથી ખૂબજ પ્રભાવિત છે. મોદી પોતો અમેરિકામાં રહેતા બિનનિવાસી ભારતીયોને વારંવાર વિડિયો કોન્ફરન્સીંગ મારફતે સંબોધન કરતા રહ્યા છે.